# <u>ભારતીય મગફળી સંશોધન સંસ્થા (ICAR- IIGR )</u>
# <u>ઈવનગર રોડ, જૂનાગઢ, ગુજરાત</u>

ફાર્મ /હરાજી/૨૫-૨૬/ તારીખ: ૧૧-૦૯-૨૦૨૫

## <u>શિયાળુ સીઝન માટે કરાર આધારિત ખેતી દ્વારા સંસાધન ઉત્પાદન માટેની જાહેર હરાજી</u>

આથી રસ ધરાવતા ખેડૂત ભાઈઓ/સંસ્થાઓ ને જણાવવાનું કે ભારતીય મગફળી સંશોધન સંસ્થા ઇવનગર રોડ, જૂનાગઢ ખાતે આવેલ ફાર્મ માં અંદાજીત ૨૮૦ થી ૩૦૦ વીઘા જમીન શિયાળુ ઋતુ ,૨૦૨૫-૨૬ માં એક સીઝન માટે કરાર આધારિત સંસાધન ઉત્પાદન માટે આપવાની છે. આ માટે ની જાહેર હરાજી તારીખ ૨૨-૦૯-૨૦૨૫ , સોમવાર ના દિવસે સવારે ૧૦ વાગ્યે રાખવામાં આવેલ છે . રસ ધરાવતા ખેડૂત ભાઈઓ/સંસ્થાઓ એ સ્થળ પર નિરીક્ષણ કરી ને હરાજી માં ભાગ લેવા જણાવવામાં આવે છે. હરાજી માં ભાગ લેનાર વ્યક્તિઓ એ વેબસાઈટ પર ઉપલબ્ધ અથવા રૂબરૂ માં ફાર્મ વિભાગ માંથી શરતો ની નકલ મેળવી વાંચી ને સીલબંધ કવર માં વીઘા દીઠ ભાવ લખી ને સાથે લાવવાનું રહેશે ( જેમાં લાઇટ બીલ સામેલ છે , લાઇટ બીલ અલગ થી લેવામાં આવશે નહીં ). હરાજી સમયે રૂપિયા ૧૦૦૦૦ ( રૂપિયા દસ હાજર પુરા ) રોકડા ડીપોઝીટ પેટે જમા કરાવવાના રહેશે. ડીપોઝીટ જમા કરવનાર નું જ કવર ખોલવામાં આવશે . સ્થળ પર નિરીક્ષણ માટે સોમવાર થી શુકવાર સવારના ૯ થી સાંજના ૫. ૩૦ સુધી અત્રેની કચેરી નો રૂબરૂ સંપર્ક કરી શકાશે . તમામ શરતો તથા વધુ વિગત માટે સંસ્થા ની વેબસાઈટ **www. dgr.org.in** અથવા **www. icar-iigr.org.in** ની મુલાકાત લેવી.

### શિયાળુ સીઝન માટે કરાર આધારિત ખેતી દ્વારા સંસાધન ઉત્પાદન માટેની શરતો

**૧.** શિયાળુ ઋતુ માં એક સીઝન માટે અંદાજીત ૨૮૦ થી ૩૦૦ વીઘા જમીન વીઘા પ્રમાણે કરાર આધારિત આપવાની છે આ વિસ્તાર માં વધારો કે ઘટાડો પણ થઇ શકે છે. વાસ્તવિક વિસ્તાર હરાજી ના દિવસે જાહેર કરવામાં આવશે.

**૨.** હરાજી માં ભાગ લેનાર વ્યક્તિઓ એ શરતો વાંચી સમજી ને વીઘા દીઠ ભાવ સીલબંધ કવર માં ભરીને સાથે લાવવાનું રહેશે. ( જેમાં લાઇટ બીલ સામેલ છે , લાઇટ બીલ અલગ થી લેવામાં આવશે નહીં ) તથા હરાજી સમયે રૂપિયા ૧૦૦૦૦ ( રૂપિયા દસ હાજર પુરા ) રોકડા ડીપોઝીટ પેટે જમા કરાવવાના રહેશે. ડીપોઝીટ જમા કરાવનાર નું જ કવર ખોલવામાં આવશે. અસફળ ઉમેદવારોને ડીપોઝીટ પરત કરી આપવામાં આવશે .

**3.** જમીન જે છે તે જ સ્થિતિ માં આપવાની છે તેમાં જરૂરી ખેતીકાર્ય ( ખેડ વગેરે ) કરાર આધારિત જમીન કોન્ટ્રાકટ રાખનાર વ્યક્તિ એ કરવાનું રહેશે. સીઝન પૂર્ણ થયા બાદ સંભાળી હતી તે જ સ્થિતિ માં પરત આપવાની રહેશે.

**૪.** સફળ થનાર વ્યક્તિ એ હરાજી ની કુલ રકમ ના ૨૫ % રકમ એક અઠવાડિયા ની અંદર જમા કરાવવાની રહેશે ત્યારબાદ જ જમીન માં કામ કરવા પ્રવેશ આપવામાં આવશે , બાકીની ૭૫ % રકમ પાક ની કાપણી બાદ ૧૦ દિવસ માં જમા કરાવવાની રહેશે ત્યારબાદ જ પાક ઉત્પાદન ને બહાર લઇ જવા દેવામાં આવશે.

**૫.** કાર્યાલય દ્વારા એક વખત બધી જ મોટર ચાલુ કરી ને બતાવવામાં આવશે ત્યારબાદ રીપેરીંગ વગેરે ની બધી જ જવાબદારી જમીન રાખનાર ની રહેશે અને છેલ્લે જમીન પરત સોંપતી વખતે બધી જ મોટર ચાલુ કંડીશન માં સોંપવાની રહેશે.

**૬.** કરાર આધારિત જમીન રાખનાર વ્યક્તિ એ શિયાળુ પાકો ઘઉં અથવા ચણા નું જ વાવેતર કરવાનું રહેશે .

**૭.** સીઝન દરમ્યાન વરસાદ, વાવાઝોડું કે અન્ય કુદરતી આફત થી પાક ને નુકસાન થશે તેની જવાબદારી રાખનાર ની રહેશે.

**૮.** પિયત માટે જરૂરી પાઈપ જે ફાર્મ વિભાગ હસ્તક છે તેનો ઉપયોગ કરી શકાશે કામ પૂર્ણ થયા બાદ સ્ટેન્ડ પર ગોઠવી દેવાના રહેશે . જેટલા HDPE પાઈપ ઉપલબ્ધ છે તેનો જ ઉપયોગ કરવાનો રહેશે વધારાના પાઈપ મળશે નહિ

**૯.** જમીન ની કુલ મુદત તારીખ ૦૧-૧૦-૨૦૨૫ થી ૩૧-૦૩-૨૦૨૬ સુધી ની રહેશે

**૧૦.** પાક તૈયાર થયા બાદ 10 દિવસ માં ઓફીસ માંથી નિકાલ કરવાનો રહેશે તથા સંપૂર્ણ રકમ જમા કરાવ્યા બાદ જ માલ લઇ જવા દેવામાં આવશે.

**૧૧.** સંપૂર્ણ પાક સીઝન દરમ્યાન કોઈ પણ પ્રકાર ની દુર્ઘટના કે અકસ્માત થશે તો તેની સંપૂર્ણ જવાબદારી કરાર આધારિત જમીન રાખનાર ની જ રહેશે જેની ખાસ નોંધ લેવી .

**૧૨.** સીઝન દરમ્યાન સંસ્થા ની કોઈપણ માલ મિલકત ને નુકસાન થશે તો જમીન રાખનારે રીપેર કરાવી આપવાની રહેશે

**૧૩.** બધા જ પ્રકાર નું પેમેન્ટ કાર્યાલય માં ઓનલાઇન/RTGS દ્વારા કરવાનું રહેશે.

**૧૪.** હરાજી ના કોઈપણ સ્તરે કોઈપણ પ્રકારનું કારણ દર્શાવ્યા વગર હરાજી રદ કરવાનો સંપૂર્ણ અધિકાર ડાયરેકટર, આઈ.આઈ.જી.આર. જૂનાગઢ નો રહેશે

| | | | | |
|---|---|---|---|---|
| (नितिन गुडधे) | (मंजुनाथ पालेद ) | (सी.बी.पटेल) | (सुमित कुमार) | (पी. वी. झाला) |
| अध्यक्ष | सह अध्यक्ष | सदस्य | सदस्य | सदस्य-सचिव |